# હાર્દિક પટેલ - લાલજી પટેલને બે વર્ષની સજા

## તોડફોડ કેસમાં વિસનગર કોર્ટનો ચુકાદો : પાટીદાર સમાજમાં ખળભળાટ : ચકચારી કેસમાં અન્ય ૧૪ જણાંને નિર્દોષ ઠેરવી છોડી મૂકવા માટેનો આદેશ વિસનગર કોર્ટે હાર્દિક પટેલ, લાલજી પટેલ અને એ. કે. પટેલને જામીન આપ્યા





મહેસાણા, તા.૨૫ પાટીદાર અનામત આંદોલનના પ્રારંભિક તબક્કે વિસનગર ખાતે યોજાયેલી રેલી દરમિયાન સ્થાનિક ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસમાં તોડફોડના અને જાહેર સુલેહશાંતિનો ભંગ કરવાના ચકચારભર્યા કેસમાં આજે વિસનગર કોર્ટે એક અતિ મહત્વના અને ગુજરાતના રાજકારણ માટે ઐતિહાસિક કહી શકાય તેવા ચુકાદા મારફતે પાસના કન્વીનર હાર્દિક પટેલ, એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલ અને એ.કે. પટેલને રાયોટિંગના કેસમાં દોષિત ઠેરવ્યા હતા. એટલું જ નહી, કોર્ટે ત્રણેય આરોપીઓને બબ્બે વર્ષની કેદની સજા ફટકારવામાં આવી હતી. જયારે ચકચારભર્યા એવા આ કેસમાં અન્ય ૧૪ જણાંને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા પણ હુકમ કર્યો હતો. વિસનગર કોર્ટના આ ચુકાદાને પગલે ગુજરાતના રાજકારણમાં ખાસ કરીને પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. પાટીદાર સમાજમાં આ ચુકાદાથી ખળભળાટ મચી ગયો છે. અદાલત દ્વારા બે વર્ષની કેદની સજાનો હુકમ સંભળાવાયા બાદ આરોપી હાર્દિક પટેલ, લાલજી પટેલ અને એ.કે.પટેલ તરફથી આ હુકમ સામે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવાની હોવાના ગ્રાઉન્ડ પર જામીન માંગ્યા હતા. જેને પગલે કોર્ટે હાર્દિક પટેલ સહિતના ત્રણેય આરોપીઓના જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે રૂ.૧૫ હજારના બોન્ડ સાથે અને તા.૨૭મી જૂલાઈ સુધીમાં હાઈકોર્ટમાં અપીલ કરવાની મહેતલ આપવા સાથે જામીન આપ્યા હતા. જોકે, વિસનગર કોર્ટે હાર્દિક પટેલને વિસનગરની હદમાં નહી પ્રવેશવાની આકરી શરત પણ લાદી છે, જેના કારણે હાર્દિક પટેલની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ચકચારભર્યા આ કેસની વિગત એવી છે કે, ૨૦૧૫માં ઉત્તર ગુજરાતના મહેસાણા અને વિજાપુરમાં પાટીદાર અનામત આંદોલન સમિતિ હાર્દિક પટેલ અને લાલજી પટેલે વિશાળ રેલી યોજી હતી. તે સમયે ભાજપના સ્થાનિક ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસમાં તોફાની ટોળાંએ તોડફોડ કરી હતી. પોલીસે ટોળાંને વિખેરવા ટિયરગેસના ૧૩ રાઉન્ડ છોડ્યા હતા. ટોળાએ ધારાસભ્યના કાર્યાલય બહાર પડેલી કારને સળગાવીને વાહનોની તોડફોડ કરી હતી. ધારાસભ્યની ઓફિસમાં થયેલી તોડફોડ મામલે હાર્દિક પટેલ તેમજ એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલ સહિત ૧૭ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. જે કેસમાં આજે ચુકાદો આવ્યો હતો.

### શું છે અગત્યનો ચુકાદો

- વિસનગર સેસન્સ કોર્ટે પાસના કન્વીનર હાર્દિક પટેલ, એસપીજી અધ્યક્ષ લાલજી પટેલ અને એ.કે. પટેલને ૨-૨ વર્ષની સજા ફટકારી
- ફરિયાદીને ૧૦ હજાર વળતર ચૂકવવા આરોપીઓને ફરમાન
- ધારાસભ્યને પણ ૪૦ હજાર વળતર આપવા આરોપીઓને આદેશ કરાયો
- કાર માલિકને પણ ૧ લાખનું વળતર આપવા કોર્ટનો આદેશ

# આરપારની લડાઈ લડવામાં આવશે : હાર્દિકની પ્રતિક્રિયા

વિસનગર કોર્ટે તોડફોડ અને હિંસા કેસમાં હાર્દિક પટેલને દોષિત ઠેરવીને બે વર્ષની સજા આજે ફટકારી હતી. જો કે, તેને જામીન પણ આપી દેવામાં આવ્યા હતા. જામીન મળ્યા બાદ હાર્દિક પટેલે મિડિયા સાથે વાતચીત કરીને ભાજપ સરકાર ઉપર ફરી પ્રહાર કર્યા હતા. હાર્દિકે એમ પણ કહ્યું હતું કે, ૨૫મી ઓગસ્ટના દિવસે આમરણ ઉપવાસ પર ઉતરવાની તેમની યોજના અકબંધ છે. આ ઉપવાસ ઐતિહાસિક બની રહેશે. મોટી સંખ્યામાં લોકો જોડાશે. હાર્દિકે એમ પણ કહ્યું હતું કે, સરકાર સામે તેમની લડત જારી રહેશે. હાર્દિકે એમ પણ કહ્યું હતું કે, સરકાર અંગ્રેજ બનશે તો તેમને ભગતસિંહ બનવામાં વાંધો નથી. ચૂંટણીના સંદર્ભમાં કહ્યું હતું કે, જરૂર પડશે તો ચૂંટણી પણ લડશે. ઉપવાસ માટે અમદાવાદમાં મંજુરી માંગવામાં આવી છે. હાર્દિકે કહ્યું હતું કે, સત્તાધારી ભાજપ એવું માનતો હોય કે, હાર્દિક પટેલને જેલમાં મોકલવાનો છે પરંતુ હાર્દિક આંદોલન શરૂ કર્યું ત્યારથી જ લડતના ઈરાદા સાથે મેદાનમાં ઉતર્યો છે. પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિકે કહ્યું હતું કે, ભાજપ સચ્ચાઈ, ખેડૂતો, યુવાનો અને ગરીબો માટે લડત ચલાવવાથી તેને રોકી શકશે નહીં. વિસનગર કોર્ટના ચુકાદા બાદ આ પ્રકારની પ્રતિક્રિયા આપી હતી. ચુકાદા બાદ હાર્દિકે કહ્યું હતું કે, સામાજિક ન્યાય અને અધિકારો માટે તેની લડત જારી રહેશે. આરપારની લડાઈ લડવાની હાર્દિકે વાત કરી હતી. હાર્દિકે એમ પણ કહ્યું હતું કે, સરકારને જે કરવું હોય તે કરે. જે સજા કરી છે તેનાથી ડરતો નથી. ન્યાય માટે ઉપલી કોર્ટમાં જવામાં આવશે. સજાનો ડર બતાવવાથી તે ગભરાશે નહીં. છેલ્લી આરપારની લડાઈમાં ન્યાય મેળવવા પ્રયાસ કરવામાં આવશે. આ લડાઈ વ્યક્તિની નથી વિચાર સાથેની લડાઈ છે. હાર્દિકે ચૂંટણી લડવા માટેની તૈયારી પણ દર્શાવી હતી. ઘણી બધી રજૂઆતો કોર્ટમાં કરી હતી પરંતુ લોકશાહીની હત્યા કરવામાં આવી રહી હોય તેવું દેખાઈ રહ્યું છે. ફરિયાદમાં હાર્દિક પટેલ, વિસનગરનો ઉલ્લેખ છે. તપાસમાં પણ એ મુજબ થઈ છે. હુ અને લાલજી કાર્યક્રમ પૂર્ણ કરીને નિકળી ગયા હતા. ઘટના બાદમાં થવાનો ઉલ્લેખ છે છતાં સ્થિતિ બદલાયેલી દેખાઈ રહી છે. આમરણ ઉપવાસનો કાર્યક્રમ યથાવત રહેશે. ઘેર બેસી રહીએ તે તેના સ્વભાવમાં નથી. રાજદ્રોહ સહિતનો કેસ જુદો છે.

હાર્દિક પટેલે લોકસભાની ચૂંટણી ન લડે તે માટે આ બધુ થઈ રહ્યું છે. પરંતુ મારે એ લોકોને કહેવું છે કે, અમે આ માટે બહાર આવ્યા નથી. ગુજરાતના લોકો ઉપર વિશ્વાસ છે. ઉપવાસની મંજુરી માંગવામાં આવી છે. ૨૫ વર્ષના યુવાનથી સરકારને ભય છે. વિપક્ષથી જેટલો ડર સરકારને નથી તેટલો આંદોલનકારીઓથી લાગી રહ્યો છે. ગુજરાતની શાંતિ માટે પણ પ્રયાસો કરવામાં આવશે. તાલુકે તાલુકે બેઠકો પણ ચાલુ કરવામાં આવશે. કેસો પાછા ખેંચવાની વાત હતી પરંતુ આ ચુકાદાથી સ્પષ્ટ થઈ ગયું છે કે, અમારા કેસ ઝડપથી ચાલી રહ્યા છે.

# દંતાલી કેનાલ પાસેથી ચાલતા જતાં બે યુવાનોને નકલી પોલીસે લૂંટી લીધા

અડાલજ પોલીસ મથકમાં નકલી પોલીસે લૂંટ ચલાવ્યાની ફરિયાદ નોંધાવા પામી છે. અડાલજ નજીક આવેલા દંતાલી ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ નજીકથી બે યુવાનો ચાલતા જઈ રહ્યા હતા ત્યારે તેમને ટાર્ગેટ કરીને બે બાઈક પર આવેલા ત્રણ નકલી પોલીસે તેમની સાથે લૂંટ ચલાવી હતી. ચાલતા જઈ રહેલા બંને યુવાનોને બાઈકની વચ્ચે બેસાડી નકલી પોલીસે આગળ લઈ જઈ બંને સાથે ધોલ-ધપાટ કરી તેમના પાકીટમાંથી રૂ. ૨૦ હજાર કેસ લૂંટી લીધી હતી અને ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે અડાલજ પોલીસે બાપુનગર ઠક્કર નગર વિસ્તારના ભોગ બનનાર યુવાનની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે. અમદાવાદના બાપુનગર ઠક્કર નગર વિસ્તારમાં રહેતા યુવાન નિલેશભાઈ રાજેશભાઈ રૂજડિયાએ અડાલજ પોલીસ મથકમાં નકલી પોલીસે પોતાની સાથે કરેલી લૂંટની ફરિયાદ નોંધાવી છે. નિલેશભાઈ અને અન્ય એક યુવાન બંને એક અઠવાડિયા પહેલાં ૧૯ તારીખે અડાલજ પાસે આવેલા દંતાલી ગામ નજીકથી પસાર થતી નર્મદા કેનાલ પાસેથી ચાલતા ચાલતા જઈ રહ્યા હતા તે દરમિયાન તે બંન્ને યુવાનોને નકલી પોલીસ બનીને આવેલી લુટારુ ત્રિપુટીએ ટાર્ગેટ બનાવ્યા હતા. અપાચે અને હોન્ડા સાઈન બે બાઈક ઉપર આવેલા ત્રણ શખ્સો કેનાલ પાસે અવાવરું જગ્યા જોઈને તેમની નજીક આવી પહોચ્યા હતા અને પોલીસની ઓળખ આપી દમ મારીને બાઈકની વચ્ચે બેસાડી લાફા મારવાનું શરુ કરી દીધું હતું. થોડે આગળ બાઈક લઈ જઈને નિલેશભાઈના ખીસ્સામાંથી રૂપિયા ભરેલું પાકીટ ખેંચી લીધું હતું અને તેમાંથી રૂપિયા ૨૦ હજાર રોકડા લૂંટી લઈ નિલેશભાઈને ધક્કો મારીને ત્રણેય લૂંટારુઓ બાઈક પર ફરાર થઈ ગયા હતા.

## જમીયતપુરા કેનાલમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૫ અડાલજ નજીક આવેલા જમીયતપુરા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ગઈકાલે મોડી સાંજે એક બિનવારસી મહિલાનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. જમિયતપુરા ગામમાં રહેતા કિશોરભાઈ રાજુભાઈ દંતાણીનુ કેનાલમાં તરી રહેલા મહિલાના મૃતદેહ પર ધ્યાન પડતા તેણે ઘટના અંગે અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. અડાલજ પોલીસ મથકના જમાદાર મુરજીભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી તેની ઓળખ માટે કવાયત શરૂ કરી છે.

# ચંદ્રાલા રોડ પરથી વિદેશી દારૂની હેરાફેરી કરતી બોલેરો ઝડપાઈ

ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે પ્રાંતિજ તરફથી આવી રહેલી એક બોલેરો પીકઅપ ડાલુ ચંદ્રાલા થઈ ચિલોડા તરફ આવી રહ્યું છે અને તેમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે વોચ ગોઠવીને ચિલોડા પોલીસે બાતમી વાળી બોલેરો આવતા તેને ઉભી રાખવા ઈશારો કર્યો હતો પરંતુ બોલેરો ચાલક અંતરિયાળ વિસ્તાર તરફ ભાગ્યો હતો. પોલીસે તેનો પીછો કરીને સોહરાબપુરા ગામ પાસેથી ડાલુ પકડી પાડ્યુ હતુ. પોલીસે દારુ સહિત રુ.૩.૬૬ લાખના મુદામાલ સાથે એકની ધરપકડ કરી લીધી છે જ્યારે તેનો સાગરીત ઉભા પાક પેલા ખેતર તરફ ભાગી ગયો હતો તેને પકડવામાં પોલીસને નિષ્ફળતા મળી હતી. ચિલોડા પોલીસ પકડાયેલ આરોપીને સઘન પૂછપરછ શરૂ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે ચોક્કસ બાતમીના આધારે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. બાતમી મળી હતી કે જીજે ૧ એફ.ટી ૧૨૬૫ નંબરની મહિન્દ્રા બોલેરો ગાડી(ડાલુ) પ્રાંતિજ તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરીને ચંદ્રાલા થઈ ચિલોડા તરફ જનાર છે. આ બાતમી આધારે વિદેશી દારૂની હેરાફેરી કરતી આ બોલેરોને પકડવા ચિલોડા પોલીસની ટીમ ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન બાતમીવાળી બોલેરો ત્યાંથી પસાર થતા પોલીસે તેને ઉભી રાખવા ઈશારો કર્યો હતો પરંતુ તેના ડ્રાઈવરે બોલેરો સ્પીડ કરી દઈ સોહરાબપુરા ગામ તરફ ભાગ્યો હતો. પોલીસે તેને પીછો કરી ગામની સીમમાંથી બોલેરો પકડી પાડી હતી.

### ભય તળે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવા પામી છે તો અરબી સમુદ્રમાં અપર એર સાઈક્લોનિક સિસ્ટમથી બંધાયેલા વાદળો છે પણ વરસાદ રોજ હાથતાળી આપી જતો રહેતો હોવાથી જગતનો તાત પણ નિરાશામાં ગરકાવ થઈ ગયો છે.

જિલ્લામાં ચોમાસાના થઈ રહેલા વિલંબને પગલે રાજકીય દબાણ પણ દુષ્કાળગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા માટે ઉભુ થઈ રહ્યું છે. આ માટે રાજકીય આગેવાનો અને ખેડૂતો વચ્ચે સતત બેઠકોનો દોર ચાલી રહ્યો છે. જિલ્લામાં ઉભી થઈ રહેલી પરિસ્થિતિ અંગે તંત્રની ચિંતામાં પણ વધારો થયો છે.

૨૦૧૨-૧૩ જેવી સ્થિતિ છ વર્ષે ઉભી થવા પામી છે. જિલ્લામાં પીવાના પાણીની સ્થિતિ, ઘાસચારાની સ્થિતિ સહિતના મુદ્દાઓને લઈ તંત્રમાં પણ બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે.

દુષ્કાળ વ્યવસ્થાપન અંગે જિલ્લાકક્ષાની એક બેઠક કલેક્ટરના અધ્યક્ષપદે થઈ ગઈ છે અને હવે પછી આવી જ બીજી બેઠક ઓગષ્ટના પ્રથમ પખવાડિયામાં થશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લા કલેક્ટર દ્વારા દર સપ્તાહે પેયજળની સ્થિતિ માટે ગરૂવારે બેઠક યોજવામાં આવી રહી છે. જિલ્લાકક્ષાની આજે આવી બેઠક મળવાની છે. જિલ્લામાં ભૂગર્ભજળની સ્થિતિ યથાવત હોવાનો તંત્રનો દાવો છે અને પેયજળની મુશ્કેલી આગામી દિવસોમાં પણ પડશે નહિ તેમ તંત્ર કહી રહ્યુ છે. દરમ્યાન ખેડૂતોએ કેનાલમાંથી પિયત માટે પાણી આપવા તેમજ વીજપુરવઠો ૧૨ કલાક આપવાની માંગ તીવ્ર રીતે રજુ કરવા રાજકીય નેતાઓ પર દબાણ શરૂ કર્યુ છે.

### અભિયાન જરૂરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેરમાં શૌચક્રિયા મુક્ત જિલ્લાઓની યાદીમાં જિલ્લાનો સમાવેશ થયા પછી પણ આ દિશામાં જે નક્કર મોનીટરીંગ થવુ જોઈએ તેમાં તંત્ર ઉણુ ઉતર્યુ હોવાને લઈ નારાજગી તેમણે વ્યક્ત કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ આ બેઠકમાં સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮ને લઈ તલાટીઓની બેઠકમાં પણ વિગતવાર ચર્ચાઓ તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા કરવામાં આવે તેના પર ભાર મુક્યો હતો.

આરોગ્ય સંકુલોની સ્વચ્છતા માટે પણ તેમણે વિશેષ ટકોર કરી હતી. આ ઉપરાંત શૈક્ષણિક સંકુલોની આસપાસ થતી ગંદકીને નિવારવા માટે પણ જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યુ હતુ. સર્વેક્ષણને લઈ ગ્રામીણ વિસ્તારોમાં જાગૃતિ આવે તે માટે હોર્ડિંગ્સ અને શેરી નાટકોનું પણ આયોજન કરવાની હિમાયત તેમણે કરી હતી.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ, ચારેય તાલુકાના તાલુકા વિકાસ અધિકારીઓ, પંચાયતના કાર્યપાલક ઈજનેર, જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી, મહિલા અને બાળ વિકાસના પ્રોગ્રામ ઓફિસર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

### ડેન્ગ્યુના કેસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે ન્યુ ગાંધીનગર વિસ્તાર વિકાસ મંડળના હોદ્દેદારો સાથે એક રાત્રિસભાનું ૩૦મીએ આયોજન કર્યુ છે તેમાં મચ્છરની ઉત્પત્તિ અટકાવવા અને ''આપણે બચીએ આપણા સૌને બચાવીએ'' તેવુ જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે આ બેઠકનું આયોજન કરાયુ છે. આ બેઠકમાં જિલ્લા મેલેરિયા અધિકારી ઉપરાંત આરોગ્યના ઉચ્ચ અધિકારીઓ હાજરી આપનાર છે. આ ઉપરાંત તમામ સોસાયટીના પ્રમુખ-મંત્રીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યા છે.

### વાવેતર કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ૨૨ લાખ કરતા પણ વધુ રોપાઓનુ વાવેતર કરવાનો લક્ષ્યાંક સિધ્ધ કરાશે. જેમાં નીલગીરી, અરડુસો, લીમડો, શરૂ , દેશી બાવળ , બંગાળી બાવળ, સાગ તેમજ ફળાઉ અને અન્ય ફુલછોડ સહીતના રોપાઓનો સમાવેશ થાય છે.જયારે વિકેન્દ્રીત નાગરકિ નર્સરીઓ દ્વારા ૧.૫ લાખ રોપાઓ ગાંધીનગર જિલ્લામાં રોપવામાં આવશે. જયારે જિલ્લામાં ૧૦૦ થી વધુ રોપાઓ લેનાર લાભાર્થીઓને વન વિભાગ દ્વારા તાંત્રિક માર્ગદર્શન વિના મુલ્યે આપવામાં આવશે. પોલીથીન બેગમાં ઉછરેલા રોપાઓનુ વિતરણ વિના મુલ્યે વિતરણ કરવામાં આવશે. પોલીથીન બેગમાં રોપાઓ મેળવવા માટે ૧૫ જેટલી નર્સરીઓનો સંપર્ક કરવાનો રહેશે. સહાયક વન સંરક્ષક એન વી ચૌધરીએ જણાંવ્યુ હતુ કે વહેલા તે પહેલાના ધોરણે રોપાઓનુ વિતરણ કરવામાં આવશે.જિલ્લાની શાળા કોલેજો, ખાનગી સંસ્થાઓએ પણ સંપર્ક કરી વન મહોત્સવને સફળ બનાવવા માટે પહેલ કરી છે.

### લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ

ઉપાસક હોવો જોઈએ. નિઃસ્વાર્થભાવે પોતાની ઉપાસના કે ભક્તિ સમજી સ્વકર્તવ્યરૂપે સંસ્કૃતિ પ્રચારનું જીવનવ્રત લે એવાની પૂજા આ દિવસે કરવી જોઈએ. અધ્યાત્મ પરાયણ જીવનના મર્મરૂપ વ્યાસ જેવો બીજો કોઈ સમાજશાસ્ત્રી જડવો દુર્લભ છે.

બ્રહ્માની જેમ સદગુણોના સર્જક વિષ્ણુની જેમ સદવૃત્તિના પાલક અને મહાદેવની જેમ દુર્ગુણોને દુર્વૃત્તિઓના સંહારક તેમજ જીવ અને શિવનું મિલન કરાવનાર ગુરુ એ સાક્ષાત પરબ્રહ્મ સમાન છે. આવા ગુરુનું પૂજન એ આપણી સંસ્કૃતિનું સમધુર કાવ્ય છે.

દોસ્તો, અધ્યાત્મના માર્ગે માણસે ખુદ એકલ પંડે જ પ્રયાણ કરવું પડે. ગીતકાર કૃષ્ણે સ્પષ્ટ સૂચવ્યું છે ''ઉદ્ધરેદાત્મનાત્માનમ'' અર્થાત''માણસે પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ.'' આ જ વાત અખાએ કરી, ''તું જ તારો ગુરુ થા,'' આમ ગુરુપૂજન એટલે ધ્યેયપૂજન. ગુરુ સાક્ષાત ધ્યેયમૂર્તિ હોય છે. ધ્યેયનું સાકાર સ્વરૂપ છે. ધ્યેય આવે એટલે સંયમ આવે છે. સંયમથી શક્તિ સંગ્રહિત થાય અને એ શક્તિથી જ માનવ ધ્યેયની સમીપ થાય છે. અને અંતે તેનો સાક્ષાત્કાર કરે છે.

દોસ્તો, જ્ઞાનમૂર્તિ પ્રકાશપૂંજ એવા ગુરુનો સંસર્ગ પારસમણિ કરતા પણ બહેતર હોય છે. કારણ પારસમણિનો સ્પર્શ લોખંડને સોનું બનાવી શકે પરંતુ પારસમણિ ન બનાવી શકે!! જયારે ગુરુનો સ્પર્શ શિષ્યને સવાયો બનાવી શકે છે. આમ તો ગુરુ કરવાના ન હોય થઈ જતા હોય છે. જીવનનો હકાર ઈચ્છતી વ્યક્તિને આપોઆપ ગૌરવાન્વિત ગુરુ સાંપડી જતા હોય છે... વેદકાલિન શિક્ષણ પ્રણાલિમાં તપોવનમાં પ્રવેશ પામનારને ભાવપૂર્ણ સ્વાગત–પ્રવચન કરનાર ગુરુ જ સ્વસ્થ દીક્ષાન્ત પ્રવચન આપી સમાજે સોંપેલી માનવ અમાનતને સવાઈ કરી સોંપતા......આવા વૈદિક ગુરુઓ ક્યાં ને આજના લઘુઓ ક્યાં?!!!

મિત્રો, આજે ભેળસેળયા જમાનામાં વધુ પડતા ચળકાટથી અંજાશો નહિ થોડુંક બુદ્ધિગમ્ય ચિંતન કરતા રહો આપણી ગુરુ પરંપરામાં ''હું કોઈનો છું'' એવી મધુર ભાવનામાં કૃતજ્ઞતા જ સમાયેલી છે. સાંદીપનિના શિષ્ય કહેવડાવવામાં કૃષ્ણ અને સુદામા બંને ગૌરવ અનુભવતા... પાશ્ચાત્ય દેશોમાં પણ ''હું અમુકનો શિષ્ય છું'' એમ કહેવામાં ગૌરવ અનુભવતા. ''હું સોક્રેટિસનો શિષ્ય છું એમ કહેવામાં પ્લેટો જીવનની કૃતાર્થતા સમજતો અને પ્લેટો મારા ગુરુ છે એમ કહેવામાં એરિસ્ટોટલને જીવન ધન્ય લાગતું.

આવા સદગુરુઓ જ વિકાસના નિમિત્ત બને... કારણ કે જેમને તમોગુણનું આકર્ષણ કે રજોગુણનો રઘવાટ હોતો નથી કે સત્વગુણનો અહંકાર!! પ્રેમ સ્વરૂપ પરમાત્માના પર્યાય સમા ગુરુ મળવા એ પણ અહોભાગ્ય જ ગણાય.!! વ્યાસપૂર્ણિમાના મંગલ પર્વે આવા સદગુરુઓ આપણા દેશને સાંપડી રહો એ જ જગદગુરુ શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રાર્થના!!!

સ્પર્શમણિ

ગુરુના આમ તો ઘણા પ્રકાર છે પરંતુ મુખ્યત્વે એ સૌને ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.

(૧) પાષણગુરુ (૨) પર્ણગુરુ અને (૩) નૌકાગુરુ

પથ્થરની જેમ જે પોતે ડૂબે અને બીજાને પણ ડૂબાડે તે પાષણગુરુ

પાંદડાની માફક જે પોતે તરે પણ અન્યને ન તારી શકે તે પર્ણગુરુ

જયારે નૌકાની જેમ જે પોતે પણ તરે અને અન્યને પણ તારી શકે તે નૌકાગુરુ. આવા નૌકાગુરુ જગતમાં દુર્લભ હોય છે.

- Rasikvaland1965@gmail.com

### મનના ઉમંગો ● અનુસંધાન ચોથાનું ચાલુ

પંડ નિહાળે એને અજબ અચંબે,
આ કેવા છે ખેલ સરજાયા !
થાકી લોથપોથ બનતા પડછાયા એ
છદમ ઓથે અટવાયા.-
પરબનાં પાણી પીએ પડછાયા !
પાસે પરબનાં પાણી નિહાળી
એનાં તરસે તાળવાં સૂકાયાં ;
માની લિયે મહા તારણહારો, જેણે
ખોબલોય પાણીડાં પાયાં -
પરબનાં પાણી પીએ પડછાયા !
ચાલે છે ખેલ આવો આદિ અનાદિથી,
વાહ રે વિશ્વંભર રાયા !
શાતા સહેજ એના હૈયે સરોદ જેના
પડછાયા પંડમાં સમાયા. -
પરબનાં પાણી પીએ પડછાયા !

**(૫) રાજીપો મારા રામનો**

હું તો રાજી કરાજી કાંઈ ના જાણું રે,
રાજીપો મારા રામનો હો જીઃ
હું તો રાજીપે રામજીના માણું રે,
મતવાલો એના નામનો હો જી.
રહે રુદિયાનું ભાણું
અમીએ ભરાણું;
એવું નામીએ નામ કેરું નાણું રે,
સિક્કો તો મારા શ્યામનો હો જી.
જુવે ન્હૈ કટાણું , ટાણું,
ઊભું એનું આણું;
અહોનિશ વાય એનું વ્હાણું રે,
અવસર આઠો જામનો હો જી.
નીલુડા નભ સમાણું;
બધે એનું ગાણું રે;
સરોદે સુણ્યું ને સંભળાણું રે,
ધોરી હું એના ધામનો હો જી.

### પહેલુ સુખ ● અનુસંધાન ચોથાનું ચાલુ

સ્વચ્છતા જાળવવી અને પાણી જમા ન થવા દેવું એ પણ એટલા જ જરૂરી છે. મચ્છરોનો ઉપદ્રવ ટાળવા માટે મચ્છરદાનીથી લઈને લીમડાના પાનાના ધૂમાડા સુધીના વિવિધ ઉપાયો યોજી શકાય. ઈમ્યુનીટી જળવાઈ રહે તે માટે એકાદી કડવાણી કે પછી ઉપર દર્શાવેલ ઔષધોનો રોજ નિયત માત્રામાં ઉપયોગ કરી શકાય.

- contact@atharvaayu.com

### માર્ગ મોકળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યું છે. કોંગ્રેસ સાથે જે પાર્ટીઓ હાથ મિલાવવા ઈચ્છુક છે તેમાં વડાપ્રધાન પદના ઈચ્છુક લીડરો પોતાની મહત્વકાંક્ષાને છુપાવવાની સ્થિતિમાં નથી. મમતા બેનર્જી, માયાવતી અને અન્ય પાર્ટીના નેતાઓ પણ રાહુલ ગાંધીને સ્વીકારવા માટે તૈયાર દેખાઈ રહ્યા નથી. પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના સાંસદ અધિરરંજન ચૌધરીએ પ્રશ્નો ઉઠાવતા કહ્યું છે કે, તૃણમુલ કોંગ્રેસ તથા બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી રાજ્યમાં કોંગ્રેસને ખતમ કરવાના કામમાં લાગેલી છે. કોંગ્રેસ તેમને વડાપ્રધાન બનાવવા જાય તે યોગ્ય નથી પરંતુ ટીએમસીના નેતા દિનેશ ત્રિવેદીએ કહ્યું છે કે, લોકશાહીમાં પ્રજા નક્કી કરશે કે દેશના વડાપ્રધાન કોણ બનશે. તૃણમુલ કોંગ્રેસના સાંસદ સુખેન્દુરોય ચૌધરીએ વડાપ્રધાન પદની ઉમેદવારી પર કોંગ્રેસના હળવા વલણનું સ્વાગત કર્યુ છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી બાદથી આક્ષેપપ્રતિઆક્ષેપોનો દોર ચાલી રહ્યો છે.

### પરત ખેંચાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અનામતની માંગને લઈને આજે સવારે દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પણ બંધની હાકલ કરવામાં આવી હતી. મુંબઈ બંધના કારણે જનજીવન પર અસર થઈ હતી. સવારમાં જરૂરી ચીજ વસ્તુઓ માટે લોકોને હેરાન થવાની ફરજ પડી હતી. થાણે સહિત મુંબઈના અનેક વિસ્તારોમાં દેખાવકારોએ માર્ગો પર નાકાબંધી કરી હતી. ઓલા અને ઉબર કેબની તકલીફ ઉભી થઈ હતી. મોટા ભાગના લોકો કોઈ કેબ બુક કરાવી શક્યા ન હતા. કારણ કે સેવા બંધ રહી હતી. બંધના કારણે જુદા જુદા વિસ્તારોમાં શાકમાર્કેટમાં પણ બંધની સ્થિતી રહી હતી. મુલુન્ડ માર્કેટમાં તમામ શાકભાજીવાળા લોકો દેખાયા ન હતા. કેટલીક જગ્યાએ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસની સામે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ફડનવીસ તરફથી કેટલીક ખાતરી આપવામાં આવી હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ ન હતી. મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ દેખાવો જારી રહ્યા હતા. મરાઠા ક્રાંતિ સમાજે બુધવારે સવારે થાણે, નવી મુંબઈ અને રાયગઢમાં બંધનું એલાન આપ્યું હતુ. ગઈકાલે મરાઠાઓના વિરોધ પ્રદર્શન વચ્ચે સ્થિતિ વણસી ગઈ હતી.

### દાવો પોકળ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશના સૌથી મોટું ટેક્સ રીફોર્મ જ ભારતને વિદેશી રોકાણકારોની મુખ્ય પસંદગીના ૧૦ બજારમાંથી બહાર ધકેલવા માટે જવાબદાર છે. એફડીઆઈ માટે આકર્ષણ ધરાવનાર દેશોમાં ભારત ૧૧મા સ્થાને પહોંચ્યું છે, જે છેલ્લા ચાર વર્ષનું સૌથી ખરાબ પ્રદર્શન છે. સતત બે વર્ષ સુધી પ્રગતિ દર્શાવ્યા બાદ આ વર્ષે ભારત વિદેશી રોકાણના ટોપ ડેસ્ટીનેશનમાં ૩ અંક પાછળ ધકેલાયું છે. ૨૦૧૬માં આપણે નવમા ક્રમાંકે અને ૨૦૧૭માં આઠમા સ્થાને હતા. રીપોર્ટ અનુસાર ભારત એફડીઆઈ અટ્રેકશન ઈન્ડેકસમાં આ વર્ષે ૧૧મા સ્થાને પહોંચ્યું છે પરંતુ, વિકાસશીલ દેશોમાં હજી પણ બીજા સ્થાને છે.

### મિસાઈલ ડીલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોજ વોશિંગ્ટનમાં રાષ્ટ્રીય રક્ષા પ્રાધિકરણ અધિનિયમ-૨૦૧૯ના જોઈન્ટ કોન્ફરન્સ રિપોર્ટમાં કાત્સાની કલમ ૨૩૧માં એક સંશોધન કર છૂટ પ્રદાન કરી છે. તેની સાથે જ કાત્સાની અંતર્ગત પ્રતિબંધના કાયદાથી ભારત સહિત ઈન્ડોનેશિયા અને વિયેતનામને પણ છૂટ મળશે. રૂસથી હથિયાર અને ઈરાનથી તેલ ખરીદનાર દેશો પર આ પ્રતિબંધ મૂકયો હતો. જો કે હજુ ટ્રમ્પ પ્રશાસનની તરફથી તેના પર અંતિમ મ્હોર લાગવાની બાકી છે. આપને જણાવી દઈએ કે થોડાંક દિવસ પહેલાં રક્ષા મંત્રી નિર્મલા સીતારમણે અમેરિકન કાત્સા દબાણ છતાંય રૂસની સાથે એસ-૪૦૦ ડીલ પર આગળની વાત કહી હતી. રક્ષા મંત્રીએ કહ્યું હતું કે આ યુએસ લૉ છે, નહીં કે યુએન લૉ. ગઈ ૨૧મી જુલાઈના રોજ અમેરિકન વિદેશ વિભાગના પ્રવકતાએ કહ્યું હતું કે અમે ભારત સરકારની સાથે કાત્સા પર ચર્ચા કરી છે. અમેરિકન સંભવિત પ્રતિબંધાત્મક ગતિવિધિને ટાળવા અને તેની ઓળખમાં ભારત સહિત પોતાના ભાગીદારીની મદદ માટે તેમની સાથે કામ કરી રહ્યાં છીએ.